રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજના ઉદાર

બનાવવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમસભ -૧૦૨૦૧૫-૭૦૨-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૩ -૦૪-૨૦૧૫

વંચાણે લીધા- (૧) ના.વિ.નો તા-૧૫-૧૦-૧૯૬૬નો ઠરાવ ક્ર-મસભ-૨૧૮૬-૪૨૯૮-જ
(૨) ના.વિ.નો તા-૨૩-૦૪-૧૯૮૬નો ઠરાવ ક્ર-મસભ-૨૧૮૬-૪૨૯૮-જ
(૩) ના.વિ.નો તા-૧-૦૭-૧૯૯૧નો ઠરાવ ક્ર-મસભ-૨૧૯૧-૧૧૧૭-જ

આમુખ

રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત આપવાની યોજના નાણા વિભાગના તારીખઃ૧૫/૧૦/૬૬ના મૂળ ઠરાવથી દાખલ કરવામાં આવેલ છે. કર્મચારી સંગઠનોની રજુઆત તેમજ કર્મચારીઓને આ સવલત મેળવવામાં સુગમતા રહે તે બાબત ધ્યાને રાખીને આ યોજનામાં વખતો વખત જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે. હાલમાં રજા પ્રવાસ રાહત ભોગવતી વખતે સરકારી કર્મચારી, તેમણે જાહેર કરેલ મુખ્ય સ્થળની સાથે મુલાકાત માટે આવા અન્ય ત્રણથી ચાર મોટા સ્થળો જાહેર કરી શકે છે તેમજ તે માટે સરકારનો હિસ્સો સીધા અને ટૂંકા માર્ગે ૬૦૦૦ કી.મી. (જતાં-આવતાં)ના રેલ્વે ભાડા પુરતો મર્યાદિત મળવાપાત્ર થાય છે.

ઠરાવ

કર્મચારીઓ રજા પ્રવાસ રાહત દરમ્યાન પોતાના કુટુંબ સાથે જુદા જુદા જોવાલાયક સ્થળનો પણ આનંદ ઉઠાવી શકે તે આશય ધ્યાને લઇ સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાને અંતે રજા પ્રાવાસ રાહત મંજુરીના કિસ્સામાં સીધા અને ટૂંકા માર્ગનું નિયંત્રણ આથી રદ કરવામાં આવે છે. હવે પછી સરકારી કર્મચારી દ્વારા ભારતના કોઇ પણ સ્થળે કુલ ૬૦૦૦ કિ.મી.(જતાં- આવતાં)ની મુસાફરીની મર્યાદામાં સીધા અને ટૂંકા માર્ગના નિયંત્રણ વગર રજા પ્રવાસ રાહતનો લાભ મેળવી શકશે.

૨. હાલમાં રજા પ્રવાસ રાહત સંદર્ભે ફક્ત રેલ્વે તેમજ સરકારી પરિવહન બસ સેવા દ્વારા કરવામાં આવેલ મુસાફરીને જ માન્ય ગણવામાં આવે છે તેમાં હવે ઉમેરો કરી રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ એજન્સી દ્વારા કરવામાં આવેલ પ્રવાસને પણ ઉક્ત હેતુ માટે માન્ય ગણવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. ઉક્ત ઠરાવનો અમલ તેની પ્રસિધ્ધિની તારીખથી કરવાનો રહેશે. આ ઠરાવની રવાનગી પહેલા જે કેસો વિનિયત કરવામાં આવેલ છે તે પુનઃ ઉખેળવાના રહેશે નહીં.

૪. રજા પ્રવાસ રાહત સંદર્ભે અમલમાં રહેલ અન્ય સૂચનાઓ યથાવત રહે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. ડી. સેઇલર)
સંયુક્ત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), રાજકોટ/ અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), રાજકોટ/ અમદાવાદ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/ અમદાવાદ
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ
- પીએઓ, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
- સર્વે બોર્ડ/ યુનિવર્સિટી/ નિગમ/ રાજય સરકારના જાહેર સાહસો
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગની તમામ શાખાઓ.
- પસંદગી ફાઇલ-ચ શાખા.

---

* પત્ર દ્વારા